313

વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના
પ્રચારકોની જગ્યાની મુદત લંબાવવા
બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૫૦૫-૩૨૧-અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૨૪-૭-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૫૦૫-૩૨૧-અ

(૨) નિયામકશ્રી(વિ.જા)નો તા.૭-૨-૨૦૦૭ નો પત્ર ક્રમાંકઃવિજાક-મકમ-૦૬-૦૭-૫૭૩

(3) નામદાર ગુજરાત હાઇકોર્ટનો તા.૬-૧૦-૨૦૦૫ નો ચૂકાદો.

**ઠ રા વઃ-**

આ વિભાગના આમુખ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ તા.૨૪-૭-૨૦૦૬ ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ૭૨ માનદ પ્રચારકોની હંગામી જગ્યાઓને તા.૩૧-૩-૨૦૦૭ અથવા નામદાર કોર્ટના આદેશ મુજબની કાર્યવાહી પૂર્ણ થાય એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

આમુખ ક્રમાંકઃ (૨) માં દર્શાવેલ નિયામકશ્રી(વિ.જા)ના તા. ૭-૨-૨૦૦૭ ના પત્રથી ૭૧ માનદ પ્રચારકોની જગ્યાની મુદત લંબાવવામાં દરખાસ્ત કરવામાં આવેલ આવેલ છે. આમુખ ક્રમાંક (૩) પર દર્શાવેલ નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૬-૧૦-૨૦૦૫ના ચૂકાદાને અનુલક્ષીને માનદ પ્રચારકોની જે યાદી બહાર પડવામાં આવેલ છે તે માનદ પ્રચારકોની જગ્યા ઉપર અન્ય કોઇને નિમણૂંક આપી શકાશે નહિં. તે શરતે ૭૧ માનદ પ્રચારકોની જગ્યાની મુદત તા.૨૯-૨-૦૮ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રનાં માંગણી નં. ૯૨-મુખ્ય સદર –૨૨૨૫-અનુ.જાતિઓ અનુ. જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૦૩-પછાતવર્ગોનું કલ્યાણ-૦૦૧-નિર્દેશ અને વહીવટ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય સહાય એ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને ચાલુ નાણાકીય વર્ષ માટેની બજેટ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૩૦-૩-૦૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

( દિનેશ પી. કાપડીયા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

(ચાલુ)

312

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા)/જિલ્લા નાયબ નિયામક (વિ.જા) (નિયામકશ્રી (વિ.જા) મારફત.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
- જ-શાખા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.